ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ડૉ. શ્રીમતી કમલાજીનો વિદાય સમારંભ



ગાંધીનગર, તા. ૮

ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની મિઝોરમના રાજ્યપાલ પદે નિયુક્તિ થતાં ગુજરાત સરકાર દ્વારા વિદાય સત્કાર સમારંભ આજે રાજભવન ખાતે યોજવામાં આવ્યો હતો.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ડૉ. શ્રીમતી કમલાજીને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. વિધાનસભાના અધ્યક્ષ શ્રી વજુભાઈ વાળા, રાજ્યમંત્રી મંડળના સભ્યો, રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવશ્રીઓ તથા ઉચ્ચાધિકારીઓએ પણ ડૉ. શ્રીમતી કમલાજીને શુભેચ્છાઓ આપી હતી.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ડૉ. શ્રીમતી કમલાજીને સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું હતું.

પ્રારંભમાં ડૉ. શ્રીમતી કમલાજીને 'ગાર્ડ ઓફ ઓનર' આપવામાં આવ્યું હતું.

આ અગાઉ ડૉ. શ્રીમતી કમલાજીને વિવિધ સેવાભાવી સંસ્થાઓના હોદ્દેદારો, અગ્રણી નાગરિકો, સમાજના ગણમાન્ય મહાનુભાવોએ પણ શુભેચ્છાઓ પાઠવી હતી.

ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાતના રાજ્યપાલના પદે રહીને રાજ્યના પ્રજાજનોની સેવા કરવાનો અનેરો અવસર મળ્યો તે મારૂ સદ્‌ભાગ્ય છે. તેમણે પ્રજાજનો-વિવિધ સેવાભાવી સંસ્થાઓ તથા રાજ્ય પ્રશાસનનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જિલ્લામાં અપહરણ અને બળાત્કારના ગુનામાં ૯૬ થી ૯૮ ટકા ડીટેક્શન

## ધાડ અને લૂંટના ૬૭ થી ૬૯ ટકા ગુનાઓ ઉકેલાઈ ગયા : ચોરીના ગુનામાં સૌથી ઓછુ ૩૮ ટકા ડીટેક્શન : છેલ્લા બે વર્ષના નોંધાયેલા ગુનાઓમાં ડીટેક્શનની ટકાવારીનો સવાલ વિધાનસભામાં પૂછાયો

ગાંધીનગર,તા.૮

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન ચોરી, બળાત્કાર, લુંટ, ધાડ અને અપહરણના કુલ ૧૦૬૨ ગુનાઓ પોલીસ ચોપડે નોંધાયા છે. જિલ્લામાં ચોરીના સૌથી વધુ ૮૪૫ બનાવો બનવા પામ્યા છે. બે વર્ષ દરમિયાન અપહરણના ૧૧૫ ગુનાઓ નોંધાયા છે અને લુંટના ૫૫ ગુનાઓ નોંધાયા છે. જિલ્લા પોલીસ દ્વારા ચોરીના ગુનાઓને બાદ કરતા અન્ય તમામ ગુનાઓમાં સારું ડીટેક્શન કરવામાં આવ્યું છે. બે વર્ષમાં નોંધાયેલા અપહરણ અને બળાત્કારના ગુનામાં ૯૬ થી ૯૮ ટકા જયારે ધાડ અને લુંટમાં ૬૭ થી ૬૯ ટકા ડીટેક્શન જીલ્લા પોલીસ દ્વારા કરવામાં આવ્યું છે. જો કે ચોરીના ગુનાઓ પૈકી ગાંધીનગર પોલીસને માત્ર ૩૮ ટકા ગુનાઓનો ભેદ ઉકેલવામાં જ સફળતા મળી છે.

વિધાનસભાના સત્ર દરમિયાન દરિયાપુર વિસ્તારના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખએ ગાંધીનગર અને અમદાવાદ શહેર અને જિલ્લામાં ધાડ, લુંટ, અપહરણ, બળાત્કાર, ચોરી સહિતના કેટલા ગુનાઓ છેલ્લા બે વર્ષમાં નોંધાયા છે અને કેટલા ગુનાઓ ડિટેક્ટ થયા છે તે અંગે મુખ્યમંત્રીને પ્રશ્ન પૂછ્યો હતો. જેના જવાબના આધારે ધ્યાને આવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન ચોરીના ૮૪૫, લુંટના ૫૫, બળાત્કારના ૩૮, અપહરણના ૧૧૫ અને ધાડના ૯ ગુનાઓ પોલીસ ચોપડે નોંધાયા છે. જિલ્લામાં ચોરીના સૌથી વિશેષ બનાવો નોંધાયા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આ તમામ ગુનાઓમાં ચોરી સિવાયના ગુનાઓનું ડીટેક્શન નોંધનીય હોવાનું જાણવા મળ્યું છે. લુંટના ૫૫ પૈકી ૩૮ ગુનાઓ એટલે કે ૬૯ ટકા ડીટેક્શન, ધાડના ૯ પૈકી ૬ ગુનાઓ એટલે કે ૬૭ ટકા ડિટેક્ટ, બળાત્કારના ૩૮ પૈકી ૩૭ ગુનાઓ એટલે ૯૮ ટકા અને અપહરણના ૧૧૫ પૈકી ૧૧૧ ગુના એટલે કે ૯૭ ટકા ડીટેક્શન જોવા મળ્યું છે. જીલ્લા પોલીસ ચોરો પકડવામાં માર ખાઈ ગઈ છે. ચોરીના ૮૪૫ ગુનાઓ પૈકી ૩૧૮ એટલે કે ૩૮ ટકા જ ગુનાઓ ડિટેક્ટ થયા હોવાનું ધ્યાને આવ્યું છે. આ ગુનાખોરી અને ડીટેકશનનો ગ્રાફ ૧ એપ્રિલ ૨૦૧૨ થી ૩૧ માર્ચ ૨૦૧૪ સુધીનો છે.

## જિલ્લાંથી બે વર્ષમાં ગુમ થયેલા ૨૩૮ બાળકો પૈકી ૨૮ હજૂ પણ લાપતા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લામાંથી છેલ્લા બે વર્ષમાં ૨૩૮ બાળકો ગુમ થઈ ગયાની ઘટનાઓ બની છે. જે પૈકી ૨૨ બાળકો ગુમ થયાની ફરિયાદ નોંધવામાં આવેલી છે. બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાંથી ગુમ થયેલા ૨૩૮ બાળકો પૈકી ૨૧૦ બાળકો તબક્કાવાર મળી આવ્યા હતા. જયારે ૨૮ બાળકો હજુ પણ લાપતા હોવાનું ધ્યાને આવ્યું છે. જેમાં ગાંધીનગર તાલુકાના ૧૫ બાળકો અને કલોલ તાલુકાના ૧૦ બાળકો તથા દહેગામ તાલુકાના ૩ બાળકોનો સમાવેશ થાય છે.

## ખૂણે... ...ખાંચરેથી

- જિલ્લાના પ્રા. શાળાના શિક્ષકોની આંતરિક બદલીઓ ઓનલાઈન માટે આજથી બીજો રાઉન્ડ શરુ થયો છે.
- એસ.જી. પટેલ હાઈસ્કુલ કડી કેમ્પસ ખાતે નિરોગી રહેવા માટેની સુટેવો અંગેનું વ્યાખ્યાન યોજાયું છે.
- પ્રેસ નજીકની ઝૂંપડપટ્ટી ખાતે વાનગી હરિફાઈનું આયોજન મહિલા બાળ વિકાસ વિભાગ અને મહાનગરપાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા યોજવામાં આવેલ છે.
- ગાંધીનગર શહેરમાં ગરમી અને બફારો વધતાં ઈવનીંગ વોકર્સની સંખ્યામાં વધારો થયો છે.
- જિલ્લાના પશુધનની વસ્તી ગણતરી પૂર્ણ થયાને એક વર્ષ કરતાં પણ વધુ સમય થયો પરંતુ તેના પરિણામો હજુ સુધી જાહેર થયા નથી.
- આંતરરાષ્ટ્રીય યુથ કોન્ફરન્સ માટે ગાંધીનગર સ્થિત ધીરજ સન્દાસાનીની પસંદગી થઈ છે. ૨૭મીથી મોસ્કોમાં આરંભાતી યુથ કોન્ફરન્સ માટે ધીરજ ૨૪મીએ રવાના થશે.

# એસટીસીના સત્તાવાહકોના બેવડા વલણ સામે નારાજગી

## રાજકીય પક્ષોને ભોજન સમારંભ યોજવાની છૂટ, સ્વૈચ્છિક સંસ્થાઓને નહી

ગાંધીનગર,તા. ૮

ગાંધીનગરની મધ્યમાં સેક્ટર-૧૭ ખાતે આવેલ સ્ટાફ ટ્રેનિંગ કોલેજના સત્તાવાહકોના બેવડા વલણ સામે નારાજગી પ્રવર્તી રહી છે. ભાજપ-કોંગ્રેસ જેવા રાજકીય પક્ષોના કાર્યક્રમ હોય તો અહીં ભોજન સમારંભ યોજી શકાય છે. પરંતુ જો સ્વૈચ્છિક સંસ્થાનો કાર્યક્રમ હોય તો અહીં ભોજન સમારંભ યોજવાની પરવાનગી અપાતી નથી.

એસટીસીના નામે ઓળખાતા સ્ટાફ ટ્રેનિંગ કોલેજ વિવિધ પ્રવૃત્તિઓનું કેન્દ્ર ગણાય છે. આ સ્થળ શહેરની મધ્યમાં આવેલુ હોઈ નાના-મોટા કાર્યક્રમો માટે તે ફુબ અનુકૂળ પડે છે. વર્ષ દરમ્યાન અહીં વિવિધ રાજકીય પક્ષો, સ્વૈચ્છિક-સામાજિક સંસ્થાઓના કાર્યક્રમો યોજાતા રહે છે. અહીં ૨૫૦-૩૦૦ માણસોની કેપેસીટી વાળો નાનકડો હોલ ખુબ સરસ છે. વાર્ષિક મિટિંગ કે શપથગ્રહણ સમારોહ જેવા મધ્યમ કાર્યક્રમો માટે આ હોલ ખુબ અનુકૂળ પડે છે. વળી ટાઉનહોલનું ભાડુ ખુબ હોવાથી અને તેની કેપેસીટી પણ વધુ હોવાથી ઘણી સંસ્થાઓ એસટીસીનો હોલ પસંદ કરે છે. પરંતુ અહીં સૌથી મોટી મુશ્કેલી એ છે કે લાયન્સ, રોટરી, કલ્ચરલ જેવી સ્વૈચ્છિક-સામાજિક સંસ્થાઓ અહીં કાર્યક્રમ જરૂર યોજી શકે છે. પરંતુ ભોજન સમારંભ માટે તેમને પરવાનગી અપાતી નથી. જો કોઈ કાર્યક્રમ બાદ ભોજન સમારંભ યોજવો હોય તો અન્ય કોઈ સ્થળે જવુ પડે છે. આ કારણે ઘણી સંસ્થાઓ હવે ન્યુ ગાંધીનગરના નાના હોલ કે બેન્કવેટ હોલ તરફ નજર દોડાવી રહી છે. વળી આશ્ચર્યની વાત તો એ છે કે જો ભાજપ-કોંગ્રેસ જેવા રાજકીય પક્ષોને ભોજન સમારંભ યોજવો હોય તો તેમને પરવાનગી અપાય છે. ગાંધીનગરમાં વિકલ્પો ઓછા છે ત્યારે એસટીસીના સત્તાધીશોના આવા બેવડા વલણ સામે નારાજગી પ્રવર્તી રહી છે.

# રેલ બજેટને મુખ્યમંત્રીનો આવકાર

ગાંધીનગર, તા.૮

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રેલ્વે બજેટ-૨૦૧૪-૧૫ને આવકારતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની સરકાર દ્વારા રેલ્વેને આધુનિક ભારતનું ગ્રોથ એન્જીન બનાવનારૂં બજેટ ગણાવ્યું છે. આવનારા પાંચ વર્ષમાં ભારતીય રેલ્વેની નવી વૈશ્વિક ઈમેજ આ બજેટથી ઉભી થવાની છે તેમ જણાવતાં મુખ્યમંત્રીએ અમદાવાદ-મુંબઈ વચ્ચે હાઈસ્પીડ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે પ્રધાનમંત્રીનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. આનંદીબેને કહ્યું કે, રેલ્વે બજેટમાં સાગરમાલા પ્રોજેક્ટ અન્વયે બંદરોને રેલ સુવિધાથી સાંકળવાનો જે અભિનવ અભિગમ અપનાવ્યો છે તે ગુજરાત જેવા ૧૬૦૦ કિમી દરિયાઈ ક્ષેત્ર ધરાવતા રાજ્યના બંદરીયા વેપાર વણજ માટે નવા વિકાસના દ્વારા ખોલશે.

દરમિયાન ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈ.કે. જાડેજાએ આજરોજ રેલ્વે પ્રધાન સદાનંદ ગૌડા દ્વારા રજુ કરવામાં આવેલા રેલ્વે બજેટ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારે છેલ્લા એક મહિનામાં જનહિતના લીધેલા પગલાઓને પૂરક અને દેશને આગામી સમયમાં વિકાસના માર્ગે લઈ જવા મદદરૂપ થાય તેવું રેલ્વે બજેટ આપ્યું છે.



હરિયાળીનું જતન - આકરી ગરમી અને વરસાદનો વિલંબ સૌના માટે ચિંતાનો વિષય બન્યો છે... ગાંધીનગરની હરિયાળીનું જતન કરવાની જવાબદારી જેમના શિરે છે એવા કર્મયોગીઓ પરસેવે રેબઝેબ થઈને પણ પાણીનો છંટકાવ કરી લીલુછમ વાતાવરણ રાખે છે. (તસવીર :કશ્યપ નિમાવત)

# સે-૧૩ અને ૨૭ના રંગમંચનું ૫૦ લાખના ખર્ચે રિનોવેશન

## ખંડેર બનતા અન્ય રંગમંચોની હાલત સુધારવા પણ માંગ

ગાંધીનગર, તા.૮

શહેરમાં દાયકાથી બિસ્માર ભાસતા રંગમંચોની સ્થિતિ દિનપ્રતિદિન ખંડેર બની રહી છે. જેના પરિણામે રંગમંચોનો હેતુ સરતો નથી. રંગમંચોની સ્થિતિમાં સુધાર લાવવા તંત્ર દ્વારા તબક્કાવાર રીનોવેશનનું કામ હાથ ધરવામાં આવે છે. સે-૧૩ અને સે-૨૭ના રંગમંચનું જરુરી નવીનીકરણ કરવાનું કામ પ્રગતિ હેઠળ છે. આ બંને રંગમંચના રીનોવેશન પાછળ રૂ. ૫૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યા બાદ સેકટરોમાં કલાકારોને સ્ટેજ પુરું પાડવાના આશયથી નિર્માણ કરાયેલા મોટા ભાગના રંગમંચો હાલ બદતર હાલતમાં છે. દાયકાઓ જૂના રંગમંચોની યોગ્ય સફાઈ અને જાળવણીના અભાવે સેકટરોના આ રંગમંચો કંગાળ ભાસી રહ્યા છે. હાલની સ્થિતિએ સે-૧૬ના રંગમંચની હાલત પણ આવી જ છે. અગાઉ અધુરી કામગીરી બાદ છોડી દેવાયેલા રંગમંચના જરુરી રીનોવેશનનું કામ પણ લાંબા સમયથી હાથ ધરાયું નથી. આવા સંજોગોમાં નિયત સમયે આમ નાગરિકો માટે રંગમંચનો ઉપયોગ કરવાનું મુશ્કેલ બન્યુ છે. બિનઉપયોગી બનતા રંગમંચોની હાલતમાં સુધાર લાવવાના ભાગરૂપે તંત્ર દ્વારા સે-૧૩ અને સે-૨૭ના રંગમંચનું રીનોવેશન હાથ ધરવામાં આવ્યુંછે. બંને રંગમંચોના નવીનીકરણ પાછળ રૂ. ૫૦ લાખનો ખર્ચ થશે. હાલ આ કામગીરી પ્રગતિ હેઠળ છે. રંગમંચના રીનોવેશન અન્વયે કલર કામ, ફલોરીંગ, પ્લાસ્ટર, ટોયલેટ બ્લોક, રસોડું તેમજ ઈલેક્ટ્રીફીકેશનને લગતી જરુરી કામગીરી હાથ ધરવામાં આવી છે. ટૂંક સમયમાં રંગમંચને નવા રૂપરંગ આપવાનું કામ પૂર્ણ કરી દેવાશે.

## પાલિકાની પેટા ચૂંટણીમાં બે બેઠકો ભાજપને

ગાંધીનગર, તા. ૮

પ્રદેશ મિડીયા સેલની એક યાદી જણાવે છે કે તાજેતરમાં યોજાનારી નગરપાલિકાઓની પેટા ચૂંટણીમાં આજરોજ ઉપલેટા અને ધ્રાંગધ્રા નગરપાલિકાની એક-એક બેઠક પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો બિનહરીફ વિજયી બન્યા છે.



જળ એજ જીવન છે - પાણી એ આ ધરતી પર વસતા તમામ જીવો માટે જીવન છે આથી પુણ્ય કમાવા માટે દાનેશ્વરીઓ પાણીનીપરબો બંધાવે છે. આ વર્ષે વરસાદ ખેંચાવાથી પાણીની અછતની સમસ્યા મ્હોં ફાડીને ઉભી છે. સતત બફારો અને ગરમી દરેક માનવીને વારંવાર પાણી પીવા મજબૂર કરે છે. સે-૮માં સફાઈ કાર્ય કરતી એક શ્રમિક માતા તેના પુત્રને સાથે લઈને આવે છે અને પુત્રને તરસ લાગે ત્યારે પીવા માટે પાણીની બોટલ ભરીને પોતાની સાઈકલ લારીમાં સાથે રાખે છે. તરસ લાગતા જ આ લારીમાં રાખેલ બોટલમાંથી પાણી પીતો આ બાળક કેટલો નિર્દોષ અને હૃદયસ્પર્શી જણાય છે. અહીં એક વાત સિધ્ધ થાય છે કે ભૂખ-તરસ આગળ નાના-મોટા, ગરીબ કે તવંગર સૌ સરખાં જ છે.

# જિલ્લાના તમામ તાલુકામાં માપણીની કામગીરી સંપન્ન

## જીપ્સમની સહાય ૨૦૧૩ ખેડૂતોને અપાઈ છે : કૃષિમંત્રી

ગાંધીનગર, તા. ૮

ગુજરાત વિધાનસભાગૃહની પ્રશ્નોત્તરીમાં આજે ગૃહ વિભાગ અને શહેરી વિકાસ વિભાગને લગતી પ્રશ્નોત્તરી હતી.

ભાજપના ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે ૩૧-૩-૧૪ની સ્થિતિએ જિલ્લાના પોલીસ અધિકારી-કર્મચારીઓના આરોગ્યની ચકાસણી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્ય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧૬૯ પોલીસ કર્મચારી અધિકારીના આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે.



વિધાનસભામાં ગાંધીનગર - પ્રકાશ જહા

તો ભાજપના જ શ્રી અશોક પટેલે ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ દરમ્યાન અપાયેલ જીપ્સમ સહાય અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૦૧૩ ખેડૂતોને આ સહાય આપવામાં આવી છે.

તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે આ પેટે રૂ. ૪૩,૪૭,૩૫૧ ની સહાય ચુકવવામાં આવી છે.

**● જિલ્લામાં પીવાનું પાણી**

કોંગીના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરીએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પીવાનું પાણી પહોંચાડવાના આયોજનને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પાણી પુરવઠા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લાના તમામ ગામોને નર્મદા આધારિત પાણી પુરવઠો પહોંચાડવાનું આયોજન અગાઉ પૂર્ણ થઈ ગયેલ હોઈ આ પ્રશ્ન આજે ઉપસ્થિત થતો નથી.

**● નગરપાલિકા વિસ્તારમાં પાણી પુરવઠા યોજના**

ભાજપના શ્રી અશોક પટેલે જિલ્લાની નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજનાના કામો અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે સ્વર્ણીમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧-૩-૧૪ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં એક પાણી

● અનુસંધાન પાન-૭ પર

નિયોજીત પરિવાર ખુશીઓ અપાર

→ ૧૮ વર્ષ બાદ જ લગ્ન
→ લગ્નથી ત્રણ વર્ષ બાદ જ પ્રથમ સંતાન
→ પ્રથમ બાળક નિશાળે જાય પછી જ બીજું બાળક
→ બે સંતાન, સુખી સંસાર

આરોગ્ય વિભાગ, ગાંધીનગર મહાનગરપાલિકા

## જાહેર ચેતવણી



અક્ષય સુરેશભાઈ પંચાલ

મારો પુત્ર અમારા કહ્યામાં નથી. તેની સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અથવા કરશો તો અમારી કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.

લી.
સુરેશભાઈ એન. પંચાલ

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! · CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

## નામ બદલેલ છે

મારું જુનું નામ કનૈયાલાલ સોમાભી પંચાલ હતું તે બદલીને મારું નવું નામ કનુભાઈ સોમાભાઈ પંચાલ રાખેલ છે.

સ્થળ :
બી-૩૮, દેવભૂમિ સોસાયટી, મોડાસા, જી. અરવલ્લી

## Change of Name

Old name is Kanaiyalal Somabhai Panchal, New name is Kanubhai Somabhai Panchal
Add :
B/38, Devbhumi Society, Modasa, Dist. Arrvali

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com